# બોર્ડ પરીક્ષા : સાબરકાંઠા, અરવલ્લીના ૧૦૦ કેન્દ્રો ઉપર આજથી પરીક્ષા

**૩૪ કેન્દ્રો ઉપર બાજનજર..!! ધો.૧૦-૧૨ના ૬૩,૦૦૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે, ધોમધખતા તાપમાં આકરી અગ્નિપરીક્ષા**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭

ફરી એકવાર ગુજરાતમાં સોમવારથી બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થઈ રહ્યો છે. આજથી શરૂ થતી બોર્ડ પરીક્ષામાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ધો.૧૦-૧૨ ના કુલ-૬૩,૦૦૦ વિદ્યાર્થી બોર્ડની પરીક્ષા આપશે. જિલ્લાના કુલ-૧૦૦ કેન્દ્રો ઉપર પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભૂતકાળની બોર્ડને મળેલી ફરિયાદોના આધારે બંન્ને જિલ્લાના પેટાકેન્દ્રો સહિત ૩૪ કેન્દ્રો ઉપર કલાસ-૧, ૨ અધિકારીની ખાસ નિગરાની હેઠળ મૂકી દેવામાં આવ્યા છે. બોર્ડ પરીક્ષા શરૂ થાય તેની પૂર્વ સંધ્યાએ અનેક પરીક્ષા કેન્દ્રોમાં વિદ્યાર્થીઓ પોતાની બેઠક વ્યવસ્થા જોવા માટે પહોંચ્યા હતા. ગત વર્ષે કોરોનાના કારણે બોર્ડ પરીક્ષા મોકૂફ રહી હતી. પરંતુ આ વર્ષે સંક્રમણ કાબૂમાં આવતા આજ તા.૨૮, માર્ચથી બોર્ડ પરીક્ષા થઈ રહી છે. કોરોનાના કારણે લાંબા સમય સુધી ઓફલાઈન શિક્ષણ બંધ રહ્યું હોવાથી વિદ્યાર્થીઓ અભ્યાસમાં નબળા પડ્યા છે. જેથી અનેક શાળાઓના બોર્ડ પરીણામોને અસર થવાની પણ દહેશત સેવાય છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ધો.૧૦ ના કુલ-૬૧ કેન્દ્ર અને ધો.૧૨ સામાન્ય પ્રવાહના ૩૩, વિજ્ઞાન પ્રવાહના ૬ પરીક્ષા કેન્દ્રો ઉપર સી.સી.ટીવી કેમેરાની નિગરાની હેઠળ પરીક્ષાનું આયોજન થયું છે. બંન્ને જિલ્લામાં જે પરીક્ષા કેન્દ્રો ઉપર સી.સી.ટીવી કેમેરા લાગેલા નથી તેવા કેન્દ્રોમાં બોર્ડ દ્વારા ટેબલેટ લગાવવામાં આવ્યા છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ-ગાંધીનગર દ્વારા પરીક્ષા સમયે પેપર ફુટવાની ઘટનાઓને અટકાવવા માટે હાઈટેક ટેકનોલોજીનો ઉપયોગ કરવાની સાથે સ્થાનિક જિલ્લા કક્ષાએ ડી.ઈ.ઓ.ને કેટલાક પરીક્ષા કેન્દ્રો બાબતે સૂચનાઓ આપવામાં આવી છે. ભૂતકાળના બનાવો તેમજ કેટલીક બાબતોના કારણે સંવેદનશીલ પરીક્ષા કેન્દ્રો અંગે કલેક્ટરને જ સીધું ધ્યાન દોરવામાં આવ્યું છે જેથી આવા કેન્દ્રો ઉપર ખાસ કલાસ-૧, ૨ અધિકારીની નિગરાની હેઠળ પરીક્ષાનું સંચાલન કરવામાં આવશે.



**બોર્ડ પરીક્ષા ઉત્સાહથી આપો. વિદ્યાર્થીઓને તિલક કરી મોં મીઠું કરાવી પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ અપાશે**

સાબરકાંઠા-અરવલ્લીના ૧૦૦ પરીક્ષા કેન્દ્રો ઉપર આજથી ધો.૧૦-૧૨ બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે બોર્ડ પરીક્ષાનો હાઉ વિદ્યાર્થીઓ ઉપર હાવિ ન થઈ જાય તે માટે અનેક શાળાઓમાં વિદ્યાર્થીઓને એક મહેમાનની જેમ આવકારી કુમ કુમ તિલક કરી મોં મીઠું કરાવી શાળા સ્ટાફ પરીક્ષા ખંડ સુધી મૂકી આવશે તેવી વ્યવસ્થા થઈ હોવાનું પણ જાણવા મળ્યું છે.

**પરીક્ષાને અવસરથી જુઓ, આપત્તિથી નહીં, સાબરકાંઠા ડી.ઈ.ઓ.**

સાબરકાંઠા, અરવલ્લી ડી.ઈ.ઓ.એ આજથી બોર્ડ પરીક્ષા શરૂ થઈ છે ત્યારે વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી છે. અરવલ્લી ડી.ઈ.ઓ., જયેશભાઈ પટેલએ વિદ્યાર્થીઓને પૂરતા આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપવા અનુરોધ કર્યો છે. પરીક્ષાને અવસરથી જુઓ, આપત્તિથી નહીં, પરિણામની ચિંતા કર્યા વગર પ્રયત્ન સારો કરવો જોઈએ તેમ જણાવી વિદ્યાર્થીઓનો જુસ્સો વધારવાનો પ્રયાસ કર્યો હતો.

**બોર્ડ પરીક્ષાના કારણે વિદ્યાર્થીઓ દર્શન માટે મંદિરમાં ઉમટ્યા**

બોર્ડ પરીક્ષાની વૈતરણી પાર પાડવા માટે અનેક વાલીઓ અને વિદ્યાર્થીઓ દેવદર્શને જતા હોય છે. બોર્ડ પરીક્ષાની પૂર્વ સંધ્યાએ અનેક મંદિરોમાં પરીક્ષા સારી જાય તે માટે વિદ્યાર્થીઓ ઉમટ્યા હતા. કેટલાક વિદ્યાર્થીઓએ તો યજ્ઞમાં આહૂતિ આપી સારા ગુણ સાથે ઉત્તિર્ણ થવા માટેની પ્રાર્થનાઓ કર્યાનું પણ જાણવા મળ્યું છે.

## પ્રાંતિજમાં બીજેપી મહિલા મોરચા દ્વારા 'મન કી બાત' કાર્યક્રમ નિહાળવામાં આવ્યો



સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે દેશ ના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી નો મનકી બાત કાર્યક્રમ ને ભાજપ મહિલા મોરચા ની બહેનો દ્વારા નિહાળ્યો. પ્રાંતિજ ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી નો મનકીબાત કાર્યક્રમ ને લઈ ને પ્રાંતિજ ખાતે કાર્યરત ભાજપ મહિલા મોરચાની વોર્ડ નંબર- ૪ ની મહિલાઓ દ્વારા ખોડીયાર કુવા ખાતે રહેતા ભાજપ મહિલા ઉપપ્રમુખ રિદ્ધિબેન નિરવભાઈ ભટ્ટ ના ઘરે બેસી ને દેશ ના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી નો મનકીબાત કાર્યક્રમ આ વિસ્તાર ની બહેનો દ્વારા મળી ને આ કાર્યક્રમ નિહાળ્યો હતો તો આ પ્રસંગે ભાજપ મહિલા મોરચા ના ઉપપ્રમુખ પદમાબેન રાવલ, ઉપપ્રમુખ રિદ્ધિ બેન ભટ્ટ, સોનલ બેન દેસાઈ, સહિતની મહિલા મોરચા ની બહેનો ઉપસ્થિત રહીને મનકીબાત કાર્યક્રમ નિહાળ્યો હતો તો આ પ્રસંગે ભાજપ શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, નગર પાલિકા ના કોર્પોરેટર નયનભાઈ દેસાઈ, કોર્પોરેટર રાજેશભાઈ ટેકવાણી, નિરવભાઈ ભટ્ટ, સુરેશભાઈ રાવલ સહિત ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રાંતિજ ભાજપ યુવા મોરચા દ્વારા અરવિંદ કેજરીવાલના પુતળાનું દહન કરાયું



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કાશ્મીર ફાઈલ્સ ફિલ્મ ને જુઠ્ઠાણુ ગણાવતા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના નિવેદન પર પ્રાંતિજ ભાજપ યુવા મોરચા દ્વારા કેજરીવાલ ના પૂતળા દહન કરવામા આવ્યુ. કાશ્મીરી પંડિતો પર ૩૨ વર્ષ પહેલા થયેલા અત્યાચારને દર્શાવતી ફિલ્મ ધ કાશ્મીર ફાઈલ્સ પર દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આપેલા નિવેદન બાદ સોશયલલ મીડિયા પર લોકો તેમની ઝાટકણી કાઢી રહ્યા છે તો કેજરીવાલે વિધાનસભામાં ધ કાશ્મીર ફાઈલ્સ ફિલ્મને જુઠ્ઠાણુ ગણાવી હતી અને સાથે સાથે કહ્યુ હતુ કે, જો ફિલ્મ નિર્માતા એવુ કહેતા હોય કે આ ફિલ્મને વધારે લોકો જોઈ શકે તે માટે દિલ્હીમાં ટેક્સ ફ્રી કરવામાં આવે તો ખરેખર તો ધ કાશ્મીર ફાઈલ્સને યુ ટ્યુબ પર મુકી દેવી જોઈએ જેથી બધા મફતમાં જોઈ શકે તેવા નિવેદન બાદ ગુજરતભર માં વિરોધ ઉઠી રહ્યો છે ત્યારે પ્રાંતિજ શહેર યુવા ભાજપ, નગર પાલિકા પ્રમુખ દિપકભાઈ કડીયા, ભાજપ શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ, ધવલભાઈ રાવલ, યુવા પ્રમુખ કુશવ ભાઈ બ્રહ્મભટ્ટ, અરવિંદભાઈ પરમાર, દક્ષીલ દેસાઈ સહિત ભાજપ કાર્યકરો આગેવાનો મોટી સંખ્યા મા ઉપસ્થિત રહ્યા હતા અને દિલ્હી ના મુખ્ય મંત્રી અરવિંદ કેજરીવાલ વિરૂધ્ધ સુત્રોચ્ચાર કર્યા હતા અને અરવિંદ કેજરીવાલ ના પુતળા નુ દહન કરવામા આવ્યુ હતુ.

## પ્રાંતિજ અંબાવાડાના ઈસમ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઈ

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકાના અંબાવાડા ગામનોજ યુવક ગામની યુવતી ને અવરનવર ફોન કરી હેરાન કરી બિભત્સ માંગણીઓ કરી હેરાન કરી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતા યુવતિ દ્રાયા પોલીસ ફરિયાદ કરી. પ્રાંતિજ ના અંબાવાડા ખાતે રહેતો યશવંત માનસિક ઝાલા કે જે પોતાનાજ ગામની યુવતી ને અવરનવર ફોન કરી હેરાન કરી યુવતી પાસે વિભત્સ માંગણીઓ કરતા અને પ્રાંતિજ ના સલાલ ખાતે બોલાવી હાથ પકડી આબરું લેવાના ઈરાદે પોતાની તરફ ખેચી જપાજપી કરી યશવંત સિંહ એ કર્યુ કે તુ ના પાડીશ તો તને જાનથી મારી નાખીશ જેવી ધમકીઓ આપતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા અંબાવાડા ની યુવતી હેત્વી બેન અશોકભાઈ પટેલ ઉ.વર્ષ-૨૩ રહે.અંબાવાડા તા.પ્રાંતિજ જિ.સાબરકાંઠા દ્રારા યશવંત સિંહ માનસિહ ઝાલા વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસે યશવંતસિંહ ઝાલા વિરૂધ્ધ આઈપીસીકલમ ૩૫૪,૫૦૪, ૫૦૬,(૨)મુજબ ગુનોનોધી આગળ ની કાર્યદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી.

## ગુરૂ બ્રાહ્મણ સમાજ દ્વારા સમાજની પ્રથમ મહિલા બીએસએફની સન્માન કરાયું





ગુજરાત ગુરુ બ્રાહ્મણ સમાજ બનાસકાંઠા જિલ્લા ની પ્રથમ મહિલા બીએસએફ પંજાબના હોશિયારપુર ખાતે અગિયાર માસની ટ્રેનિંગ પૂર્ણ કરી વતન પરત ફરતા તેમની વાજતે ગાજતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલનપુરના ગણેશપુરા રોડ પર રહેતા અને મૂળ ચંડીસર ગામના વતની રઘુરામ સાધુ ની પુત્રી હીનાસાધુનું બીએસએફ માં સિલેકશન થતા હીના સાધુએ બનાસકાંઠા જિલ્લા ગુરુ બ્રાહ્મણ સમાજની પ્રથમ મહિલા બીએસએફ તરીકે પંજાબ રાજ્યના હોશિયારપુર ખાતે અગિયાર માસની કઠિન તાલીમ પૂર્ણ કરી માદરે વતન પરત ફરતા તેના પરિવાર જનો સમાજ બધું ઓ દ્વારા પાલનપુર રેલવે સ્ટેશનથી સન્માનભેર ઘોડે સવારી અને શોર્યનારા સાથે ભવ્ય વરઘોડું કાઢવામાં આવ્યું હતુ. તે અંગે વધુ વિગતો આપતાં હિના ના સ્નેહીજન તુલસીભાઈ સોલંકી પત્રકાર એ જણાવ્યુ હતુ કે, સમાજ બધું ઓ દ્વારા સમાજની પ્રથમ મહિલા બીએસએફનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો જેમ્સ ગુરુ બ્રાહ્મણ સમાજ બનાસકાંઠા ના પ્રમુખ અરવિંદભાઈ ચોરાસીયા ,સોળ ગામ ગુરુ બ્રાહ્મણ સમાજના પ્રમુકજ નટુભાઈ યુ. શ્રીમાળી સમાજ અગ્રણી કાંતિલાલ વી. શ્રીમાળી, સહિતના આગેવાનો અને જ્ઞાતીબંધુ ઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## અરવલ્લી જિલ્લાના મહિલા અધિકારી હર્ષાબેન ઠાકોરની નેશનલ કક્ષાની ગુજરાત ટીમમાં પસંદગી

**બહેનો માટેની કબડ્ડીની સ્પર્ધા રમવા હરીયાણા પહોંચ્યા**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭

અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતાં મહિલા અધિકારીઓએ પોતાનામાં રહેલી અમાપ શક્તિઓનો સૌને પરીચય કરાવવાની શરૂઆત કરી છે. અરવલ્લી જિલ્લા રમત-ગમત અધિકારી હર્ષાબેન ઠાકોરની ગુજરાત સચિવાલય અધિકારી-કર્મચારીઓ માટેની બહેનોની કબડ્ડીની સ્પર્ધા માટે નેશનલ કક્ષાની ગુજરાત ટીમમાં પસંદગી થયા પછી મહિલા અધિકારી સ્પર્ધામાં ભાગ લેવા હરીયાણાના સોનીપત પહોંચ્યા છે. આ અગાઉ મહિલા અધિકારીએ મહિલા ક્રિકેટ ક્ષેત્રે પણ પોતાનું આગવું કૌવત દેખાડી બાયડ તાલુકા તેમજ આંબલિયારા ગામને ગૌરવ અપાયું હતું.



પ્રાપ્ત જાણકારી અનુસાર નાનપણથી એથ્લેટીક્સ સહિત અનેક સ્પર્ધાઓમાં ભાગ લઈ શાળા કક્ષાએ હર્ષાબેન જીવાજી ઠાકોરએ પોતાનામાં રહેલી નૈસર્ગિક ખેલ શક્તિનો સૌને પરીચય કરાવ્યો હતો. કોલેજ સમય દરમ્યાન ક્રિકેટની રમતમાં પ્રતિભાશાળી દેખાવ અને ત્યાર પછી રમત-ગમત અધિકારી તરીકે પસંદ થયા પછી પોતાનામાં રહેલા કૌશલ્યથી સૌને પ્રભાવિત કર્યા હતા. હાલ અરવલ્લી જિલ્લા રમત-ગમત અધિકારી તરીકે ફરજ બજાવતાં હર્ષાબેન ઠાકોરની નેત્રદિપક કામગીરી ખેલમહાકુંભ દરમ્યાન જોવા મળી. જ્યારે ગુજરાત સચિવાલયના અધિકારી-કર્મચારીઓની કબડ્ડી બહેનોની સ્પર્ધામાં તેમની પસંદગી થઈ અને તેમની નેશનલ કક્ષાની સ્પર્ધા માટે ગુજરાતની ટીમમાં પસંદગી થતા તા.૨૧ થી ૨૫ માર્ચ દરમ્યાન સાઈ એકેડેમી, ગાંધીનગર ખાતે તાલિમી કેમ્પમાં હાજરી આપ્યા પછી તા.૨૮ માર્ચના રોજ નેશનલ રમવા માટે હરીયાણાના સોનીપત પહોંચ્યાનું જાણવા મળ્યું છે. બાયડ તાલુકાની દિકરી કબડ્ડી સ્પર્ધામાં પણ સમગ્ર રાજ્યનું નામ રોશન કરશે તેવી સૌએ શુભકામના પાઠવી છે.

**સાહેબ તમારો પગાર કોઈ છીનવી લેતો...પરિવારનું ભરણપોષણ કઈ રીતે કરશો**

## વાવકંપામાં વીજતારથી ૧૨ વીઘામાં ઘઉં બળીને ખાખ

મોડાસા, તા. ૨૭

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં દરવર્ષે ખેતરોમાંથી પસાર થતા ઝોલા ખાતા હેવી વીજતારથી ખેતરમાં તૈયાર ઊભા ઘઉંનો પાક બળીને ખાખ થઈ જવાની અનેક ઘટનાઓ બનતી રહે છે ઘઉંની સીઝનમાં જ વીજતાર એકબીજા સાથે અથડાવાથી તણખા ઝરતા થોડીક જ મિનિટોમાં ઘઉંનો પાક બળીને ખાખ થઈ જતો હોય છે મેઘરજ તાલુકાના વાવકંપા ગામે બે ખેડૂતોના ૧૨ વીઘામાં ઉભા ઘઉંના પાકમાં ખેતરમાંથી પસાર થતા વીજતારમાં શોર્ટ સર્કિટ થતા આગ લાગતાં ઘઉંનો પાક સ્વાહા થતા ખેડૂત રડમશ બની ઉઠ્યો હતો ખેડૂતોના હાથમાં આવેલ કોળિયો છીનવતા ખેડૂત પરિવારોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો વીજતંત્ર ખેડૂતોને સહાય ચુકવે તેવી માંગ પ્રબળ બની છે.




મેઘરજ તાલુકાના વાવકંપા ગામમાં રહેતા ખેડૂત હિતેષભાઈ વિઠ્ઠલભાઈ પટેલ અને અશ્વિનભાઈ અરવિંદભાઈ પટેલના ઘઉંથી છલોછલ ભરેલ ખેતર આગમાં ખાખ થતા લાખ્ખો રૂપિયાની નુકશાની ભોગવવાનો વારો આવતા ખેડૂતોની હાલત દયનિય બની છે. વાવકંપા ગામની સીમમાં આવેલ ખેતરમાંથી પસાર થતા વીજતારમાં અગમ્ય કારણોસર શોર્ટ સર્કિટ થતા અને તણખા ઝરતા ખેતરમાં તૈયાર ઉભા ઘઉંના પાકમાં આગ લાગતાં અને ઝડપથી પ્રસરતા આજુબાજુમાં રહેલા અન્ય ખેતરોમાં ઉભા ઘઉંમાં આગ લાગતાં ખેડૂતો અને ગામલોકો દોડી આવી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવા પ્રયત્નો હાથધર્યા હતા પરંતુ આગ પવનની ગતિ વધુ હોવાથી આગે ખેતરોમાં રહેલા ઘઉંના પાકને ઝપેટમાં લેતા બળીને ખાખ થતા ૪૦૦ મણ થી વધુ તૈયાર થયેલા ઘઉંનો પાક આગ થી રાખ માં ફેરવાતા ખેડૂતોએ સ્વજન ગુમાવ્યો હોય તેમ આઘાતમાં સરી પડ્યા હતા મહા મહેનતે પકવેલા ઘઉં બળી જતા ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો હતો.

**મોડાસા : અણદાપુર ગામ સુધી રસ્તો છે...**

## પણ લોકો જ્યાં રહે છે ત્યાં સુધી રોડની આતુરતા પૂર્વક રાહ જોતા ગ્રામજનો, ૧૦૮ પણ નથી પહોંચતી





મોડાસા, તા.૨૭

ગતિશીલ ગુજરાત અને વાઈબ્રન્ટ ગુજરાતની મોટી મોટી વાતો વચ્ચે રાજયના અનેક અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારો વિકાસથી જોજનો દૂર છે અરવલ્લી જીલ્લાના મોડાસાના અણદાપુર ગામના લોકો આઝાદીના ૭ દાયકા સુધી પણ હજુ રોડ-રસ્તા માટે આતુરતા પૂર્વક રાહ જોઈ રહ્યા છે લોકો બીમાર થાય કે પછી ગર્ભવતી મહિલાઓને સારવાર માટે ઝોળીમાં નાખી લઈ જવાની નોબત આવે છે રવિવારે એક મહિલાને ડિલિવરીનો દુખાવો ઉપડતા ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સને કોલ કરતા એમ્બ્યુલન્સ આવી તો ખરી પણ રસ્તાના અભાવે ગામ સુધી ન પહોંચતા પ્રસૂતા મહિલાને અઢી કિલોમીટર સુધી ચાલતી લઈ જવાની નોબત આવી હતી ગ્રામજનોએ રસ્તા માટે વારંવાર રજુઆત કરવા છતાં રોડ નહિ મળતા લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. અણદાપુર ગામની પ્રાથમિક શાળા સુધી પાકો રોડ છે પરંતુ ત્યાંથી ગામલોકોનો વસવાટ ૨.૫ કિમી દૂર છે ત્યાં સુધી રોડ ન હોવાથી ગામલોકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે રોડના અભાવે લોકોને ઈમર્જન્સી સમયે ભારે તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે બીમાર અને સગર્ભા મહિલાઓની હાલત દયનિય બની રહે છે. રવિવારે અણદાપુર ગામમાં એક ગર્ભવતી મહિલાને પ્રસૂતાની પીડા ઉપાડતા પરિવારજનો ચિંતિત બન્યા હતા ૧૦૮ ઈમરજંસી એમ્બ્યુલસને ફોન કરતા તાબડતોડ ૧૦૮ ઈમરજંસી એમ્બ્યુલન્સ અણદાપુર ગામની પ્રાથમિક શાળા સુધી પહોંચી ગઈ પરંતુ આગળ રસ્તો ન હોવાથી ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ કર્મીઓ લાચાર બન્યા હતા એક બાજુ પ્રસુતાને પીડા વધી રહી હતી આખરે પરિવારની મહિલાઓએ ન છૂટકે પ્રસૂતા અને બાળકના જીવના જોખમે ૨.૫ કિલોમીટર સુધી ચાલીને લઈ જવાની ફરજ પડી હતી ગ્રામજનોને રસ્તાને અભાવે પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડતો હોવાથી લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો.

## પાલનપુરમાં લોખંડની એન્ગલ ચોરવાનો અનોખો ટ્રેન્ડ...

**રાત્રે ધીરે ધીરે વેલ્ડીંગ તોડી રેલિંગ છૂટી કરી દેવાય**

પાલનપુર તા. ૨૭

પાલનપુર શહેરમાં રાત્રીના સમયે કોઈને જાણ ન થાય તે રીતે લોખંડની એન્ગલ ચોરવાનો અનોખો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે ,પાલનપુર નગરપાલિકા અને માર્ગ અને મકાન વિભાગ તેમજ વનવિભાગ દ્વારા શહેરમાં મુખ્ય માર્ગને અડીને માર્ગની વચ્ચોવચ રેલિંગ નાખવામાં આવેલી છે. જેમાં કેટલાક લોકો રાત્રિના સમયે ધીરે ધીરે વેલ્ડીંગ તોડી રેલિંગ છૂટી કરી દેવાય છે, હાલમાં નવા એસટી બસપોર્ટની સામે આવીજ મોડસ ઓપરેન્ડિથી ચોરી કરવાની કોશિષ થઈ રહી છે. જોકે હજુ સુધી જવાબદાર તા ત્રણ ધ્યાને આ લાપરવાહી આવી નથી. ભૂતકાળમાં અનેક એન્ગલ આ પ્રકારે ચોરાઈ ગઈ હોવા છતા ગંભીરતા દાખવાઈ નથી.



**જન્મદિને વધામણી**



ધર્મ કપિલદેવ ઝાલા
વૃંદાવન સોસાયટી
બાયડ જીલ્લો અરવલ્લી



ભરતભાઈ ભાવસાર
નિવૃત્ત ઇજનેર
યું.જી.વી.સી.એલ
મોડાસા જિલ્લો અરવલ્લી



પિનાકીનભાઈ પટેલ
ખેતી અધિકારી,અરવલ્લી
બૂટાલ તા.ધનસુરા

## માત્ર ૨ બહેનોથી શરૂ થયેલા પાલનપુરના વાત્સલ્ય ટ્રસ્ટની ૫૦ બહેનો પગભર બની

**૫૦૦ બહેનોને આત્મનિર્ભર બનાવવાનું જાગૃતિબેન મહેતાએ અભિયાન આદર્યું... : નેત્રદાનનો સંકલ્પ કરી અન્યોને પ્રેરણા આપી**

પાલનપુર તા. ૨૭

પાલનપુર શહેરમાં મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટે નગરસેવિકા જાગૃતીબેન મહેતા પાછલા કેટલાક વર્ષોથી અથાગ મહેનત રહ્યા છે. ભાજપના આગેવાન અને વેપારી સાહસિક વિપુલભાઈ મહેતા ના ધર્મપત્ની જાગૃતીબેન એમએ સુધી અભ્યાસ કરેલો છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,ભારતીય જનતા પાર્ટીના સિમ્બોલ થી પાલનપુર નગરપાલિકામાં નગરસેવિકા તરીકે વોર્ડનું પ્રતિનિધિત્વ કરતાં જાગૃતિબહેન હરહંમેશ લોકોની વચ્ચે રહે છે કોઈ ને કોઈ કામ માટે સતત ખડે પગે રહે છે. તેમના સેવાકીય કાર્યોની સુવાસ દિનપ્રતિદિન વિસ્તરી રહી છે. વાત્સલ્ય સેવા ટ્રસ્ટની શરૂઆત ૨૯/૧૧/૨૦૧૮ના રોજ થઈ. માત્ર ૨ બહેનોથી શરૂ થયેલા વાત્સલ્ય ટ્રસ્ટમાં આજે ૫૦ બહેનો પગભર બની છે. જેમાં આવનાર સમયમાં ૫૦૦ બહેનોને આત્મનિર્ભર બનાવવાનું જાગૃતિબેન મહેતાએ અભિયાન આદર્યું છે. કોરોનામાં કીટ વિતરણ કરી સમાજ સેવાનો સંદેશો પાઠવ્યો, નેત્રદાનનો સંકલ્પ કરી અન્યોને પ્રેરણા આપી. ટ્રસ્ટ દ્વારા 'આયુષ્માન કાર્ડ'ના કાર્યક્રમમાં ૧૦૧કાર્ડ કાઢવામાં આવ્યા હતા. જન્મ દિવસને સેવા દિન તરીકે ઉજવણી કરવા વાત્સલ્ય સેવા ટ્રસ્ટ, પ્રેરણા ફાઉન્ડેશન, વિશ્વાસ ગૃપ દ્વારા આયોજિત બ્લડ ડોનેશન કેમ્પ માં ૫૨ બ્લડની બોટલ એકત્રિત કરી મારો જન્મ દિવસ સાર્થક બનાવ્યો હતો. ગુરૂકુર્પા સેવા ટ્રસ્ટ અને વાત્સલ્ય સેવા ટ્રસ્ટ ના સયુંકત ઉપક્રમે કોરોના મહામારીમાં હોટસ્પોટ બનેલા ગઠામણ ગામમાં ૬૦૦ મેડીકલ કીટોનું તાલુકા વિકાસ અધિકારીના હસ્તે વિતરણ કરાયું હતું. અમારી ટીમમાં હેતલબેન ભરતભાઈ મોઢ છે જેઓ સાંભળી કે બોલી નથી શકતા. તેમ છતાં પોતાની આ મુશ્કેલીને દરકીનાર કરી પોતે ઘરેથી જ ઘર વપરાશના સુશોભનમાં વપરાતી ચીજ વસ્તુઓ બનાવી અને માર્કેટમાં વેચાણ કરે છે.

